CONCERT

The Young Brotherhood

11th September 1925

9 P. M. **N. B. Fanibanda,**

Published By **Hon Sec**

N B FANIBANDA,
Salapose Road,
AHMEDABAD.

૧૦૦ પ્રત. પહેલી આવૃત્તિ. સંવત ૧૯૮૧

Printed by Manilal Ugarchand Shah, at the
Laxmi P. Press, Kalupur, Tankshal,
Ahmedabad.

અનુક્રમણિકા.

(1) **Romeo & Juliet.**

Characters.

Romeo:—Paris.
Juliet:—Friar Laurance
Servants Etc.

---

(૨) **ગુજરાતી નાટકના પાત્રો.**

પહાડસિંહ:—ચંદ્રાવતી નગરનો મહારાજા.
સૂર્યસિંહ:—પહાડસિંહનો રાજકુંમાર
અંધકારસિંહ:—સેનાપતિ.
કપુરચંદ:—ચંદ્રાવતી નગરનો શેઠ
ચંદ્રશંકર:—એક બ્હેરો બ્રાહ્મણ (સલાહકાર).
વિષ્ણુપ્રસાદ:—એક વિદ્યાર્થી (,,)
અહુરામજુ:—એક પારસી ગૃહસ્થ (,,)
પાપુ:—કપુરચંદનો નોકર.

સ્ત્રી પાત્રો.

ચંદ્રબાળા:—મેવાડના મહારાણા માનસીંગની પુત્રી, અને કુમાર સૂર્યસિંહની ધર્મપત્ની.

સીપાઇઓ, હજુરીઓ, ઉસ્તાદ વીગેરે.

સ્થળ:—ચંદ્રાવતી નગર અને તેની આસપાસનું જંગલ.

કોનસર્ટનો પ્રવેશાનુક્રમનો ટુંક સાર.

અંક પહેલો.

પ્રવેશ પહેલો:—મંગળાચરણ અને વસ્તુ સુચન.

પ્રવેશ બીજો:—Grave yard scene romeo & Juliet
(Shakespere Act V Scene III.)

પ્રવેશ ત્રીજો:—રાજા પહાડસિંહનો દરબાર—

ચંદ્રાવતીના મહારાજા પહાડસિંહને સેનાપતી અંધકારસિંહ ઉંધું ભરમાવી સૂર્યસિંહને પોતાની માતાનો ખૂની ઠરાવી કારાગૃહની સજા કરાવે છે.

પ્રવેશ ચોથો:—કપુરચંદ નગર શેઠનું મકાન—

ચંદ્રાવતીના નગરશેઠ, કપુરચંદને એકે સંતાન નહિ હોવાથી પોતાની મીલકતની કેવી રીતે વ્યવસ્થા કરવી તે બાબતના સલાહકાર માટેની જાહેર ખબર આપવી.

પ્રવેશ પાંચમો:—કારાગૃહ-કુમાર પોતાના દુષ્ટ કૃત્ય માટે પશ્ચાતાપ કરે છે. સેનાપતીનું આવવું અને ચંદ્રબાળા વિષે માંગણી. કુમાર અને સેનાપતી વચ્ચે ઝપાઝપી. ચંદ્રબાળાનું પુરૂષના વેશમાં આવવું, અને કુમારને બચાવવું.

અંક બીજો.

પ્રવેશ પેહેલોઃ—જંગલ-કુમાર અને ચંદ્રબાળા પુરૂષના વેશમાં જંગલમાં આવવું. કુમારને તરસ લાગવી, અને ચંદ્રબાળાનું પાણી શોધવા જવું. સેનાપતીનું સીપાઇઓ સાથે આવવું. કુમારનું છુપાઈ જવું, અને સેનાપતીના ખૂન વિષે વિચારો સાંભળવા. ચંદ્રબાળાનું આવવું, અને કુમારનું બચાવવું.

પ્રવેશ બીજોઃ—રાજમાર્ગ-વિષ્ણુપ્રસાદ નામે વિદ્યાર્થીનું કપુરચંદ શેઠને ત્યાં સલાહ આપવા જવું. તેને રસ્તામાં ચંદ્રશંકર મલે છે અને બન્ને વચ્ચે રમુજી તકરાર થાય છે.

પ્રવેશ ત્રીજોઃ—રાજમાર્ગ-કુમાર અને ચંદ્રબાળાનું નગરના રાજ્યમાર્ગમાં આવવું. બંન્ને વચ્ચે રમુજી વાદવિવાદ. બન્નેની પરસ્પર ઓળખાણ, અને શુદ્ધ પ્રેમનો વિજય, અને મહારાજાને બચાવવા તૈયાર થવું.

પ્રવેશ ચોથોઃ—રાજા પહાડસિંહનું શયનગૃહ-

મહારાજા પોતાના મહેલમાં સુતા છે. સેનાપતિનું ખૂન કરવા આવવું. રાજાનું પાસુ ફેરવવું અને ગભરાટના લીધે સેનાપતીના હાથમાંથી ખંજરનું પડવું. રાજાનું જાગવું. બંન્ને વચ્ચે ઝપાઝપી. અણીને વખતે કુમાર અને ચંદ્રબાળાની મદદ મહારાજાનો બચાવ અને સેનાપતી કેદ. કુમારની ઓળખાણ

પ્રવેશ પાંચમોઃ—કપુરચંદશેઠનો મહેલ–

કપુરચંદશેઠને ત્યાં વિષ્ણુપ્રસાદ વિદ્યાર્થી વિદ્યાદાન વિષે સલાહ આપવા આવે છે. બંન્ને વચ્ચે અન્નદાન અને વિદ્યાદાન વિષે સંવાદ. છેવટે વિદ્યાદાન શ્રેષ્ઠ ગણાય છે અને વિષ્ણુપ્રસાદને ઇનામ મળે છે. છેવટે વિદ્યાદાનની બલીહારી સાથે કોમીકનો અંત.

અંક ત્રીજો.

પ્રવેશ પહેલોઃ—દરબાર–

મહારાજાના દરબારમાં અંધકારસિંહનો ન્યાય થાય છે. કુમારની ઉદારતા, અને સેનાપતીની માફી બક્ષવી. સેનાપતીની પદવી કાયમ રહેવી, કુમારનો રાજ્યાભિષેક, અંતે સત્યનો જય.

પ્રવેશ બીજોઃ—ગાયનો–

પ્રવેશ ત્રીજોઃ—Scout Night Camping.



કોન્સર્ટના ગાયનો.

સુત્રધાર–નટી　　　　　　　૧

જગનાનાથ નાથ વિશ્વાધાર, તારનાર, સરજનહાર (૨)
પ્રથમ સ્મરણ કરીએ નાથ, નરહરી ગૃહો હાથ;
વિમળ વાણી સહુને આપો, આપો હે વિભુદગાર
　　　　તારનાર, સરજનહાર–જગના.

સુત્રધાર–નટી　　　　　　　૨

જુગદીશ જગ નાથ તમે વ્હાર કરો અમારી,
વ્હાર કરો અમારી વ્હાલા થાઓ સાહાકારી–જુગ.
કચ્છાવતાર ધારનાર, સમુદ્રને વળોવનાર
વળી ચંદ્રાચળ તોળનાર, કૃષ્ણ વિભુ મુરારી–જુગ.
શરણે આવેલાં તુજ બાળ, કેરી તમે લ્યો સંભાળ,
દૂર કરી વિઘ્ન સર્વ, શાન્તી આપો સારી–જુગદીશ.

સૂર્યસિંહઃ–　　　　　　　૩

અધર્મી જુઠો છે સંસાર, કૃતઘ્નિ પ્રાણીના પોબાર–અધર્મી.
સજ્જન સાચા સુજ્ઞ દયાળ, તે તો પામે કષ્ટ અપાર,
સારા પ્રત્યે નરસું કરવું એ દુનીઆનો ન્યાય–અધર્મી.
દુધ પાઇને પોષણ આપે, તેજ છેદવી ગાય,
દુષ્ટનો તાજો છે વેપાર–　　　　　　અધર્મી.

(જે. ચી. પ્રોફેસર.)

સૂર્યસિંહઃ- ૪

પડી ઘોર વીપત્તિ અનંત મુઝાયે નિર્બળ મન મારૂં;
રવી અસ્ત થતાં અતિ શ્યામ, રજનીનું પ્રસરે અંધારૂં.
પ્રીય પ્રાણુ જતાં માતનો, દીસે વિશ્વ સકળ કાળું-મુંઝાયું.
શુદ્ધ અનુપમ સ્નેહ માતનો, નિર્મળ કેમ વિસારૂં,
કરમાતી આ કાયલતાને, કેવી રીતથી ધારૂં-મુંઝાયું.

(જ. ચી. પ્રોફેસર.)

સૂર્યસિંહઃ- ૫

સંસારમાં સંકટ સમે સદ્દમિત્ર મળે છે,
સદ્દમિત્ર કેરી છાંયમાં પરિતાપ ટળે છે-સંસાર.
માતા પિતા ભ્રાતા સહુ, સ્વાર્થના સાથી;
સંકટ સમે સહાયક બની, એક મિત્ર રહે છે-સંસાર.
એવા બજાવો ભ્રાતની સદ્દમીત્રો મારા,
મિત્ર રૂપી રત્ન પણ, એક સાચું કરે છે-સંસાર.

૬

સૂર્યસિંહ-

તમે થાઓ હિતકર મારા, પરમાર્થી સજ્જન સારા,
ડુબતાને બચાવનારા, દુઃખીયાનું દુઃખ હરનારાં-તમે

વિષમ વિપત્તિના પાસે, સપડાયો મિત્ર મારા,
તેમાંથી આબાદ બચાવ્યો, વર્ષાવી અમૃત ધારા–તમે.
ચંદ્રસિંહઃ–
ગભરાવો ના વિર શાણા, છે બલિષ્ટ બાહુ મારા,
દૂર કરૂં હું જાતે જલદી, તવ વિષાદ કેરી જ્વાળા–તમે

૭

સૂર્યસિંહ—
આવો આવો રસીલી બનાવો તમે,
ગાઢ આલીંગને દાસને પૂર્ણ કામ. આવો.
ચંદ્રસિંહ—જાઓ જાઓ મને ના સતાવો તમે,
છેક જુઠા નમેરા છો નીમકહરામ. આવો.
સૂર્ય—અવજ્ઞાના ઘટે સલુણી આવડી,
પ્રેમ દ્રોહ ગણાએ અતિ દુષ્ટ કામ. આવો.
ચંદ્ર—જાણી લીધી સફાઈ તમારી બધી,
રગે રગે જુઠાણું દીસે છે તમામ. આવો.
સૂર્ય—યાચું દોષ ક્ષમા પ્રીયે પાય પડી,
રીસ છોડો, મધુરી મીઠી સુખ ધામ. આવો.
ચંદ્ર—આ ચરણ તમારા મલીનજ દીઠાં,
લાચારીએ કરૂં હું હવે રામ રામ. આવો.
(જે. ચી. પ્રોફેસર).

—

કપુરચંદ—

૮

સહુ પૈઈસાનો બહાર, પૈઈસાનો કારોબાર,
પૈઈસે યાર, પૈઈસે પ્યાર, પૈઈસે સે તાબેદાર. સઉ.
ગમાર હોય ચમાર, તો ખૂબ બે શુમાર,
પણ પૈસા ચાર, જો ગાંઠે યાર, તો કહેશે ઈજ્જદાર. સઉ.
પૈઈસા પર સહુનો ચાહ, ફકીર હોય યા શાહ,
પૈઈસા, પૈઈસા, પૈઈસાની વાહ વાહ. સઉ.
હોય કોઈ ખાનદાની અગર, મગર તે જર વગર,
છે સર બસર તે બેકસર, નહુરથી નબહેતર. સઉ.
હોય ધોબી કે હજામ, પણ પાસે હોય જો દામ,
તો બેલગામ યા ખાસો આમ, સો સો કરે સલામ. સઉ.
પૈઈસા પર સહુનો ચાહ, ફકીર હોય યા શાહ,
પૈઈસા, પૈઈસા, પૈઈસાની વાહવાહ. સઉ.

૯

કપુરચંદ—
વિષ્ણુપ્રસાદ—
ચંદ્રશંકર—

વિશ્વ વિષે સહુ દેવી દેવો વિદ્યાએ વશ થાય,
જગતમાં સર્વે યોગ સધાય (૨)
વિદ્યાદાન ખરચે નવ ખૂટે વાપરે વધતું જાય,
નૃપ તસ્કર નવ લૂંટી લેતા, સુઝે શુભ ઉપાય—
જગતમાં.
નીચ કુળનો ઉચ્ચ મનાએ, અંતર પ્રભુ પર આપ,
વિદ્યા દીપક ઉર હોય તો, આતમરામ દેખાય—
જગતમાં.

